# મોંગોલિયન સંસદમાં મોદીનું ઐતિહાસિક સંબોધન

## ભારત અને મોંગોલિયા વચ્ચે ૧૪ સમજૂતિઓ પર સહીસિક્કા થયા : એક અબજ ડોલર આપવા માટેની જાહેરાત

ઉલાનબટોર,તા. ૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દેશોના તેમના ઐતિહાસિક પ્રવાસના બીજા તબક્કામાં આજે મોંગોલિયા પહોંચી ગયા હતા. મોદી મોંગોલિયા પહોંચ્યા બાદ આજે મોંગોલિયાની સંસદને ઐતિહાસિક સંબોંધન કર્યુ હતું જેમાં મોદીએ બંને દેશો વચ્ચેના સંબંધોને નવી ઉંચાઇ ઉપર લઇ જવાની વાત કરી હતી. આઅગાઉ તેમના નેતૃત્વમાં ભારત અને મોંગોલિયા વચ્ચે ૧૪ સમજૂતિઓ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. મોદી મોંગોલિયાની યાત્રા કરનાર પ્રથમ વડાપ્રધાન બનવાની સિદ્ધિ પણ મેળવી ગયા હતા. સંસદને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, આ બાબત તેમના માટે ખુબ જ સન્માનનીય છે. ભવ્ય સ્વાગત માટે તેઓ મોંગોલિયાના પ્રમુખ, વડાપ્રધાન અને અન્યોનો આભાર માને છે. મોંગોલિયા મહાન લોકોના લોકોનો દેશ છે. રવિવારના દિવસે સંસદને સંબોધન કરવા પર ગર્વ થઈ રહ્યું છે. ૧૨૫ કરોડ ભારતીયોની શુભેચ્છા લઈને તેઓ અહીં પહોંચ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, બંને દેશ માનવતા માટે મળીને સાથે કામ કરશે. મોંગોલિયા ગૌતમ બુદ્ધના દેશ તરીકે છે. બુદ્ધના શિક્ષણની મોંગોલિયા ઉપર સીધી અસર થયેલી છે. મોંગોલિયાથી ઘણા બૌદ્ધ ભિક્ષુક ભારત પણ આવ્યા હતા. યોગની મોંગોલિયામાં ખુબ લોકપ્રિયતા છે. શ્વેતક્રાંતિ લાવવામાં ભારત મોંગોલિયાની મદદ કરી શકે છે. અમને નીતિ અને સુશાસન ઉપર વિશ્વાસ છે. ભારતીયોએ ફેરફાર અને પરિવર્તન માટે મોટાપાયે મતદાન કર્યું હતું. સાયબર હુમલાની સામે મળીને બંને દેશ સાથે કામ કરશે. એક સાથે લશ્કરી કવાયત પણ યોજવામાં આવશે. મોંગોલિયામાં સાયબર સિટી ખોલવાની પણ જાહેરાત કરી હતી. આ ઐતિહાસિક પ્રવાસ દરમિયાન મોદીએ આજે મોંગોલિયાને શ્રેણીબદ્ધ ભેટ સોંગાદો આપી હતી. મોદીએ મોંગોલિયાને આર્થિક ક્ષમતા અને મુળભૂત માળખાને વિસ્તૃત કરવા માટે એક અબજ ડોલરની મદદની જાહેરાત કરી હતી.દેશની સંસદને સંબોધતા મોદીએ કહ્યુ હતુ ંકે મોંગોલિયા લોકશાહીની એક નવી ચમકતી રોશનીની જેમ છે.

ભારત-મોંગોલિયાના રાજદ્વારી સંબંધના ૬૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે મોદીએ ખુશી વ્યક્ત કરી હતી. મોદી એવા પ્રથમ વિદેશી નેતા બની ગયા છે જે નેતાએ રવિવારના દિવસે રજા હોવા છતાં મોંગોલિયાની સંસદને સંબોધી હતી. મોંગોલિયાની સંસદને સંબોધન કરવા બદલ તેઓએ મોંગોલિયાના વડાપ્રધાનનો આભાર માન્યો હતો. દિલ અને દિમાગના સંબંધો અંતરને દુર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. માનવીય સંબંધો ખુબ મજબુત રહ્યા હોવા છતાં આર્થિક સંબંધો ઓછા રહ્યા છે જેને વધારવાની જરૂર છે. મોંગોલિયામાં એક સાઈબર સિક્યુરિટી સેન્ટર સ્થાપિત કરવાની પણ જાહેરાત કરવામાં આવી હતી. બન્ને દેશોએ આ મામલે સહમતી દર્શાવી હતી. મોંગોલિયાની સાથે સંયુક્ત નિવેદનમાં મોદીએ કહ્યુ ંહતુ ંકે બન્ને દેશોમાં આર્થિક વિકાસના લીધે નવી નવી તકો ઉભી થઈ રહી છે. ભાગીદારીની એક નવી શરૂઆત કરવામાં આવી રહી છે. મોદીના કહેવા મુજબ બન્ને દેશોમાં એક મજબુત તાલમેળ છે. મોદીએ કહ્યું હતું કે મોંગોલિયાની સાથે પોતાની આર્થિક ભાગીદારીને નવા સ્તર પર લઈ જવામાં આવશે. ભારતની એક્ટ ઈસ્ટ પોલિસીમાં મોંગોલિયા માટે ખાસ જગ્યાએ છે. બીજ બાજુ મોંગોલિયાએ ભારતને પોતાના આધ્યાત્મિક પડોશી દેશ તરીકે ગણાવીને તેની પ્રસંસા કરી હતી.

### મોંગોલિયન વડાપ્રધાન દ્વારા મોદીને અશ્વની ભેટ અપાઈ

ઉલાનબટોર,તા. ૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે પોતાના વ્યસ્ત કાર્યક્રમમાંથી કેટલોક સમય કાઢીને હળવાશના મૂડમાં દેખાયા હતા. મોદી અહીં લઘુનાદમ ઉત્સવમાં



અશ્વોની દોડ, પરંપરાગત કુસ્તી અને તિરંદાજીના કૌશલ્યને નિહાળવા માટે પહોંચ્યા હતા. પરંપરાગત મોંગોલિયન વસ્ત્રોમાં પણ તેઓ સજ્જ દેખાયા હતા. હેટ પહેરીને મોદીએ વડાપ્રધાન ચિમેડ સાઈખાન્બીલેગ સાથે ઉત્સવમાં મજા માણી હતી. મોદી વિમાની મથક નજીક એક ખુલ્લા વિસ્તારમાં પહોંચ્યા હતા અને આશરે એક કલાક સુધી અશ્વ સ્પર્ધા, પરંપરાગત કુસ્તી અને તિરંદાજીની મજા માણી હતી.

તિરંદાજીમાં પોતાના હાથ અજમાવવાના પ્રયાસ પણ મોદી કર્યા હતા. મોંગોલિયાના વડાપ્રધાને મોદીને એક અશ્વની ભેટ આપી હતી. સ્થાનિક ભાષામાં નદામને એરીનગુરુવાનનદામ (પુરુષોની ત્રણ રમત) તરીકે ગણવામાં આવે છે. મોંગોલિયામાં કુસ્તી, અશ્વની સ્પર્ધા અને તિરંદાજી મુખ્ય રમત છે. મહિલાઓએ તિરંદાજીમાં અને અશ્વ દોડમાં ભાગ લેવાની શરૂઆત કરી હતી. વર્ષ ૨૦૧૦માં યુનેસ્કોની સભાએ નદામને પ્રતિનિધિ યાદીમાં સામેલ કરવાની જાહેરાત કરી હતી.

## વ્યાજદરમાં આરબીઆઈ કાપ મુકશે : અરૂણ જેટલી

નવીદિલ્હી,તા. ૧૭

આરબીઆઈની બીજી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષા જારી કરવામાં આવે તે પહેલા નાણા મંત્રી અરુણ જેટલીએ આજે કહ્યું હતુંકે, ગવર્નર રઘુરામ



રાજન પાસેથી તેમને પણ એવી અપેક્ષા છે જેવી અપેક્ષા સામાન્ય લોકો રાખી રહ્યા છે. બીજી જુનના દિવસે રઘુરામ રાજન પોલિસી સમીક્ષા જારી કરનાર છે જેના ઉપર શેરબજાર અને અન્ય તમામ લોકોની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. વ્યાજદરમાં કાપ મુકવામાં આવે તેવી અપેક્ષા મોટાભાગના લોકો અને ઉદ્યોગજગત દ્વારા રાખવામાં આવી રહી છે. આરબીઆઈએ ૨૦૧૫માં હજુ સુધી બે વખત પોલિસી રેટમાં ઘટાડો કર્યો છે પરંતુ ૭મી એપ્રિલના દિવસે જારી કરવામાં આવેલી નાણાંકીય નીતિ સમીક્ષામાં પોલિસી રેટ યથાવત રાખવામા આવ્યા હતા. કમોસમી વરસાદના પરિણામ સ્વરુપે ખાદ્યાન્ન ચીજવસ્તુઓના ભાવ વધી શકે છે તેવી દહેશત રહી હતી. રેપોરેટ હાલમાં ૭.૫ ટકા અને સીઆરઆર હાલમાં ચાર ટકા છે. મોનસુનના જોખમી પરિબળો રહેલા છે. રિટેલ ફુગાવો ૪.૮૭ ટકા અને ઈન્ડસ્ટ્રીયલ આઉટપુટ માર્ચમાં ૨.૧ ટકાની પાંચ મહિનાની નીચી સપાટીએ છે.

## મોદી સરકારનું ૨૬મીએ એક વર્ષ પૂર્ણ

નવી દિલ્હી,તા. ૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકાર ટુંકમાં સત્તામાં એક વર્ષ પૂર્ણ કરી રહી છે ત્યારે સત્તામાં એક વર્ષ દરમિયાન તેના દ્વારા કરવામાં આવેલી કામગીરીને હાઈલાઈટ્સ કરવા માટે મોદી સરકારે એક વિસ્તૃત યોજના તૈયાર કરી લીધી હોવાના અહેવાલ મળ્યા છે. આ યોજના હેઠળ કેન્દ્રિય પ્રધાનો દેશભરમાં વાતચીત કરશે અને પત્રકાર પરિષદ પણ યોજશે. સુત્રોએ કહ્યું છે કે પ્રધાનો જુદા જુદા પ્રદેશોમાં જસે અને સરકારના કામ અને સરકારની યોજના અંગે સામાન્ય લોકોને માહિતી આપશે. પ્રાપ્ત અહેવાલ મુજબ માહિતી અને પ્રસારણ ખાતુ પણ ધરાવનાર નાણાંપ્રધાન અરૂણ જેટલી પ્રથમ વાતચીત કરશે ત્યારબાદ આવા જ કાર્યક્રમ અન્ય પ્રધાનો દ્વારા પણ યોજવામાં આવનાર છે. માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા ૫૦થી ૬૦ શહેરોમાં પબ્લિસિટી વાહનોનો ઉપયોગ કરવામાં આવનાર છે. પ્રદર્શન પણ યોજનાર છે. સરકારના સંદેશાને તમામ લોકો સુધી પહોંચાડી દેવામાં આવશે.

મંત્રાલય થીમ આધારિત બુકલેટ જારી કરવામાં આવનાર છે.દુરદર્શન દ્વારા પહેલાથી જ ખાસ કાર્યક્રમની શ્રેણી શરૂ થઈ ગઈ છે. જેમાં કેન્દ્રિય પ્રધાનોના ઈન્ટરવ્યુનો સમાવેશ થાય છે. સરકાર ગરીબલક્ષી, ખેડુતલક્ષી અને લોકલક્ષી પગલા રજૂ કરવાની તૈયારી કરી લીધી છે. ભુવનેશ્વર, ગાંધીનગર, ઈન્દોર, શિલોગ સહિતના કેટલાક શહેરોમાં ઓડિયન્સ-આધારિત ખાસ શો પણ દુરદર્શન યોજનાર છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર ૨૬મી મેના દિવસે એક વર્ષ પૂર્ણ કરી રહી છે ત્યારે સરકારની એક વર્ષની સિદ્ધિઓને લોકો સુધી પહોંચાડવા માટે તમામ પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. જેના ભાગરુપે મોદી સરકારે બે સ્લોગન જારી કરી દીધા છે જેના આધાર પર લોકોને માહિતી પહોંચાડવામાં આવશે. આ બે સ્લોગનનો ઉપયોગ સપ્તાહમાં એક વર્ષ પૂર્ણ કરતી વેળા ઉપયોગ કરવામાં આવશે જેમાં વર્ષ એક કામ અનેક અને મોદી સરકાર કામ લગાતાર સ્લોગનનો સમાવેશ થાય છે.

### જન કલ્યાણ પર્વ રૂપે એક વર્ષની ઉજવણી

નવીદિલ્હી, તા. ૧૭

મોદી સરકાર સત્તામાં એક વર્ષ પૂર્ણ કરવા જઈ રહી છે ત્યારે શાનદાર ઉજવણી કરવાની તૈયારી કરી લેવામાં આવી છે. ૨૬મીથી ૩૧મી મે દરમિયાન એક સપ્તાહ સુધી ઉજવણી ચાલનાર છે જેમાં જુદા જુદા નેતાઓ સંબોધન કરશે. મોદી સરકાર જનકલ્યાણ પર્વ ઉજવણી તરીકે એક વર્ષની પૂર્ણાહૂતિને ઉજવશે. કેન્દ્રીય પ્રધાનો અને ભાજપના સાંસદો તેમજ કાર્યકરો વંચિત વર્ગ અને ખેડૂતો માટે લેવામાં આવેલા જનકલ્યાણના પગલા અંગે લોકોને માહિતી આપશે. એક સપ્તાહ સુધી જનકલ્યાણ પર્વ ચાલશે.

## બિહારમાં ત્રીજા વિકલ્પની જરૂર ઉભી થઇ છે : યાદવ

પટણા,તા. ૧૭

નવી રાજકીય પાર્ટી રચવાના અહેવાલ વચ્ચે હકાલપટ્ટી કરવામાં આવેલા રાષ્ટ્રીય જનતા દળના નેતા પપ્પુ યાદવે કહ્યું હતું કે, બિહારમાં ત્રીજા વિકલ્પની જરૂરિયાત ઉભી થઈ છે. કારણ કે, ચૂંટણી પંચે જાહેરાત કરી દીધી છે કે, સપ્ટેમ્બર



અથવા ઓક્ટોબર મહિનામાં બિહારમાં ચૂંટણી યોજાઈ શકે છે. પપ્પુ યાદવે કહ્યું છે કે, ગઠબંધન અથવા ત્રીજા વિકલ્પની રચના કરવામાં આવનાર છે. નવી રાજકીય પાર્ટી હિન્દુસ્તાન અવામ મોરચાની રચના કરનાર જીતનરામ માંઝી અને કોંગ્રેસની પાર્ટી વિકલ્પરૂપે રહી શકે છે. યાદવની પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ છ વર્ષ માટે આરજેડીમાંથી હકાલપટ્ટી કરવામાં આવી ચુકી છે. હકાલપટ્ટી કરવામાં આવ્યા બાદથી એવી અટકળો ચાલી રહી છે કે, પપ્પુ યાદવ અધિકાર મોરચા નામની નવી પાર્ટીની રચના કરી શકે છે. જો કે, આ સંદર્ભમાં હજુ સુધી કોઈ જાહેરાત કરવામાં આવી નથી. બિહારમાં વિધાનસભાની ચૂંટણીની તૈયારીમાં તમામ રાજકીય પક્ષો લાગી ગયા છે. બિહાર વિધાનસભાની ચૂંટણી માટેની તૈયારી ચૂંટણી પંચે પણ હાથ ધરી છે. કેટલા તબક્કામાં ચૂંટણી થશે તેને લઈને રાજકીય પક્ષો જુદા જુદા વિસ્તારમાં પોતાની તાકાતની ચકાસણી કરી રહ્યા છે. જૈદીએ ચૂંટણીની વાત કરીને નવી ગરમી જગાવી છે.

## સેન્ટ્રલ પોલીસમાં ૧૧૦૦૦ મહિલાની ટુંકમાં ભરતી થશે

નવીદિલ્હી,તા. ૧૭

કાયદો અને વ્યવસ્થાની સ્થિતીને સુધારવા અને સરહદ વિસ્તારોમાં ફરજને વધુ અસરકારક બનાવવાના હેતુથી સેન્ટ્રલ સિક્યુરિટી ફોર્સમાં ટુંક સમયમાં ૧૧૦૦૦ મહિલાઓની ટુંક સમયમાં જ ભરતી કરવામાં આવનાર છે. આ ફોર્સમાં મહિલાઓની ભાગીદારીને વધારી દેવા માટે સરકાર નિર્ણય કરી ચુકી છે. સીઆરપીફ, બીએસએફ, સીઆઈએસએફ અને આઈટીબીપી જેવા અર્ધલશ્કરી દળોમાં ૮૫૩૩ મહિલા કોન્સ્ટેબલની ટુંક સમયમાં ભરતી કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. આ વર્ષે કોન્સ્ટેબલ તરીકે ૬૨૦૦૦ યુવા પુરૂષો અને મહિલાઓની ભરતી કરવાની જાહેરાત પહેલાથી જ કરવામાં આવી ચુકી છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા ૨૧ નવી કંપનીઓ ઉભી કરવાની મંજૂરી આપી દેવામાં આવી છે. વર્ષ ૨૦૧૭ સુધી નેપાળ અને ભુટાન સાથેની ખુલ્લી ભારતીય સરહદ પર ફરજ માટે સશસ્ત્ર સીમા બળમાં ૨૭૭૨ મહિલાની ભરતી કરવામાં આવનાર છે. વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે આગામી દિવસોમાં કુલ સંખ્યાબળના ઓછામાં ઓછા પાંચ ટકા સુધી કેન્દ્રિય દળોમાં મહિલાના પ્રતિનિધીત્વને મહત્વ આપવામાં આવનાર છે.

હાલમાં આ ફોર્સમાં મહિલાની ટકાવારી કુલ સંખ્યાબળના ૨.૧૫ ટકાન આસપાસ છે. આ ફોર્સ માટે યંગ વર્કફોર્સને ભરતી કરવા માટે સરકારે કમર કસી લીધી છે. સીઆરપીએફને બે ખાસ મહિલા બટાલિયન ઉભી કરવા માટેની મંજૂરી આપી દેવામાં આવી છે. એક અધિકારીએ કહ્યું હતું કે ગૃહ મંત્રાલય દ્વારા એવી નિતી બનાવી લેવામાં આવી છે કે મહિલા કર્મચારીની સંખ્યા આ ફોર્સમાં કુલ સંખ્યાબળના પાંચ ટકા સુધી લઈ જવામાં આવશે. બીએસએફ, આઈટીબીપી અને એસએસબી જેવા સરહદ સુરક્ષા ફોર્સમાં મહિલા જવાનો ફ્રન્ટિયર લોકેશન પર પેટ્રોલિંગ હાથ ધરવા માટે સક્રિય રીતે ગોઠવી દેવામાં આવી છે. પાકિસ્તાન, બાંગલાદેશ, નેપાળ જેવી આંતરરાષ્ટ્રીય સરહદ પર ક્રોસિંગ ગેટ ખાતે પણ મહિલાઓ તૈનાત છે. સ્ટાફ સિલેક્શન કમિટી દ્વારા આ પોસ્ટ માટે ત્રિસ્તરીય પરીક્ષા લેવામાં આવનાર છે. ત્રિસ્તરીય પરિક્ષામાં ફિઝિકલ ટેસ્ટ, લેખિત પરીક્ષા અને મેડિકલ ટેસ્ટનો સમાવેશ થાય છે. ધોરણ ૧૦ પાસ કરી દેનાર અને ૧૮-૨૩ વર્ષની વય ધરાવનાર આ પોસ્ટ માટે અરજી કરી શકે છે. સામેલ કરવામાં આવનારના પગાર ૨૦૨૦૦ અને અન્ય પગાર લાભનો સમાવેશ થાય છે.

## અણ્ણાની એસયુવીની ૯.૧૧ લાખમાં હરાજી

મુંબઈ,તા. ૧૭

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હઝારેની આઠ વર્ષ જુની એસયુવીની આજે હરાજી કરી દેવામાં આવી હતી. અહેમદનગર જિલ્લામાં તેમના વતનગામ રાણેગણ સિદ્ધિમાં હરાજી કરવામાં આવી હતી. આ ગાળા દરમિયાન હરાજીમાં નવ લાખ રૂપિયાથી વધુ નાણા મળ્યા હતા. જનલોકપાલ ચળવળ સહિત જુદા જુદા આંદોલન કરીને અગાઉની મનમોહનસિંહ સરકારને હચમચાવી મુકનાર તથા ભ્રષ્ટાચારના મુદ્દા ઉપર દેશના લોકોને જાગૃત કરનાર અણ્ણા હઝારેની ગાડીની હરાજી કરવામાંઆવ્યા બાદ ૯.૧૧ લાખ રૂપિયા મળ્યા હતા. અણ્ણાના કાર્યકરો સાથે જોડાયેલા અહેમદનગરના પ્રવિણ ઉર્ફે અતુલ લોખંડેએ મહિન્દ્રા સ્કોર્પિયો ગાડી ખરીદી લીધી હતી. લોખંડે ઉપર હરાજીમાં અન્ય ૧૪ લોકો જોડાયા હતા. અણ્ણા માટે નવી ઈનોવા કાર ખરીદવામાં આવશે તેમ હઝારેને નજીકના સાથી દત્તા આવરીએ વાત કરી હતી.

#### ચાર કંપનીઓમાં એલઆઈસીનો હિસ્સો અકબંધ

## LIC દ્વારા ૧૨ કંપનીમાં કુલ ૧૬૪૦૦ કરોડના શેર લેવાયા

નવીદિલ્હી,તા. ૧૭

મહાકાય વીમા કંપની એલઆઈસી દ્વારા સેન્સેક્સની ટોપ ૧૨ કંપનીઓમાં ૧૬૪૦૦ કરોડ રૂપિયાના શેર ખરીદી લેવામાં આવ્યા છે. કોલ ઈન્ડિયા અને બજાજ ઓટો સહિત ટોપ ૧૨ કંપનીઓમાં એલઆઈસી દ્વારા તેની હિસ્સેદારી વધારી દેવામાં આવી છે. જાન્યુઆરી-માર્ચના ત્રિમાસિક ગાળા દરમિયાન વીમા કંપનીઓ જંગી સેરની ખરીદી ૧૨ કંપનીઓમાં કરી છે. વર્તમાન કિંમતે આ શેરની ખરીદી કરવામાં આવી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ એલઆઈસી દ્વારા કેટલીક કંપનીઓમાં હિસ્સો ઓછો પણ કર્યો છે. એલઆઈસી હાલમાં એક્સીસ બેંકમાં અને હિન્દુસ્તાન યુનિલિવરમાં કોઈ હિસ્સો ધરાવતી નથી. પોતાની ગણતરીના ભાગરૂપે મહાકાય વીમા કંપનીઓ ચાર કંપનીઓમાં તેની હિસ્સેદારી યથાવત રાખી છે. જેમાં તાતા સ્ટીલ, ભેલ, વેદાન્તા અને તાતા મોટર્સનો સમાવેશ થાય છે. એલઆઈસી દ્વારા




સમીક્ષા હેઠળના ત્રિમાસિક ગાળા દરમિયાન કોલ ઈન્ડિયામાં સૌથી વધારે શેર ખરીદી લીધા છે. કોલ ઈન્ડિયામાં એલઆઈસી દ્વારા ૧૦૭૫૪ કરોડ રૂપિયાની કિંમતમાં ૪.૬૫ ટકા હિસ્સો મેળવી લીધો છે. તેના દ્વારા ૨૮.૪૭ કરોડના શેર અથવા તો ૪.૫૧ ટકા શેર ખરીદી લીધા છે. કોલ ઈન્ડિયાના ઓફર ફોર સેલમાં આ ખરીદી કરવામાં આવી છે. ઉપરાંત એલઆઈસી લાર્સન એન્ડ ટુબ્રોમાં ૧૬.૭૩ ટકા હિસ્સો ધરાવે છે. સેન્સેક્સની કંપનીઓમાં તેનો જે હિસ્સો છે તે પૈકી લાર્સન એન્ડ ટુબ્રોમાં સૌથી વધારે હિસ્સો છે. વર્તમાન શેર કિંમતમાં એલઆઈસી દ્વારા સેન્સેક્સની ૧૨ કંપનીઓમાં ૧૬૪૦૦ કરોડના શેર ખરીદી લીધા છે. આની સાથે સાથે એલઆઈસી દ્વારા ૧૨ બ્લુ ચીપ કંપનીઓમાં ૬૭૩૦ કરોડના શેર વેચી પણ દીધા છે. જેથી તમામ સેન્સેક્સ કંપનીઓમાં કુલ નેટ પ્રવાહનો આંકડો ૯૬૭૦ કરોડ રહ્યો છે. એલઆઈસીએ જે કંપનીઓમાં તેનો હિસ્સો વધારી દીધો છે તેમાં ગેઈલ, બજાજ ઓટો, હિરો મોટો, ઓએનજીસી, એનટીપીસી , હિન્ડાલ્કો અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનો સમાવેશ થાય છે. બીજી બાજુ એલઆઈસી દ્વારા જે કંપનીમાં હિસ્સો ઘટાડી દેવામાં આવ્યો છે તેમાં મારૂતિ સુઝુકી, તાતા કન્સલ્ટન્સી, સિપ્લા, ભારતી એરટેલ, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈનો સમાવેશ થાય છે.

#### સીઆઈડીમાં અભિજિત તરીકેની યાદગાર ભૂમિકા

## આદિત્ય શ્રીવાસ્તવ અભિજિત તરીકે વધારે લોકપ્રિય થયો છે

મુંબઈ,તા. ૧૭

સીઆઈડીમાં અભિજિત તરીકેની ભૂમિકા ભજવીને ખૂબ જ લોકપ્રિય થઈ ચુકેલા અને તમામ લોકોમાં જાણીતા બનેલા આદિત્ય શ્રીવાસ્તવે ઘણી બધી ફિલ્મોમાં પણ ભૂમિકા ભજવી છે. આ અંગે લોકો પાસે વધારે માહિતી નથી. ખુબ ઓછા લોકોને આ અંગે માહિતી છે કે, આદિત્ય શ્રીવાસ્તવ બેન્ડિડ ક્વીન, બ્લેક ફ્રાઈડે, લક્ષ્ય અને સત્યા જેવી મોટી ફિલ્મોમાં ભૂમિકા ભજવી ચુક્યો છે. તેનું કેહવું છે કે, ૧૯૯૯માં જ્યારે તે સીઆઈડીમાં જોડાયા હતો ત્યારે માત્ર ૨૬ એપિસોડ માટે માટે તેને લેવામાં આવ્યો હતો. તેનું કહેવું છે કે, એક દશકથી વધુ સમયથી તે આ શો સાથે જોડાયેલો છે. સીઆઈડી સાથે તેના જોડાણને તે અભૂતપૂર્વ માને છે. ૨૬ એપિસોડમાં લેવામાં આવ્યા બાદ તેને સતત તેને વધુ એપિસોડમાં લેવાયો હતો અને હજુ પણ કામ કરી રહ્યો છે. અમારી કામગીરીની પ્રશંસા અમને મળી રહી છે જેથી હવે આ સિરિયલને વધુ લોકપ્રિય બનાવવાના પ્રયાસ કરાઈ રહ્યા છે. અભિજિતની લોકપ્રિયતા આદિત્ય કરતા વધારે થઈ ગઈ છે. તેનું કહેવું છે જ્યાં પણ જાય છે ત્યાં તેને આદિત્ય કરતા અભિજિત તરીકે વધારે લોકો ઓળખે છે. સીઆઈડી શુક્રવારથી રવિવાર રાત્રે ૧૦ વાગે સોની એન્ટરટેઈનમેન્ટ ઉપર પ્રસારિત કરવામાં આવે છે. હજુ સુધી ઘણા પડકારરૂપ રોલ સીઆઈડીમાં તે કરી ચુક્યો છે જેની ખુશી પણ છે. સીઆઈડીમાં અભિજિતને હવે યુવા પેઢી વધારે સારી રીતે ઓળખતી થઈ છે. સીઆઈડીમાં અભિજિતની સાથે સાથે આ સિરિયલના અન્ય પાત્રો પણ ખુબ લોકપ્રિય થઈ ચુક્યા છે.

## કાબૂલ વિમાનીમથક પાસે આત્મઘાતી હુમલો

કાબુલ,તા. ૧૭

અફઘાનિસ્તાનના પાટનગર કાબૂલમાં વિમાની મથકના પ્રવેશદ્વાર નજીક વધુ એક આત્મઘાતી હુમલો આજે કરવામાં આવ્યો હતો જેમાં ત્રણ લોકોના મોત થયા છે. યુરોપિયન યુનિયન પોલીસ મિશન સાથે જોડાયેલા એક વિદેશી વાહનને ટાર્ગેટ બનાવીને આ હુમલો કરવામાં આવ્યો હતો. માર્યા ગયેલા ત્રણ લોકોમાં બે અફઘાન ટીનેજ યુવતીઓ અને એક ઈયુપીઓએલ વર્કરનો સમાવેશ થાય છે. યુરોપિયન યુનિયન પોલીસ મિશન સાથે જોડાયેલા



વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, હુમલો કરવામાં આવ્યો ત્યારે યુરોપિયન યુનિયન પોલીસ મિશનના બે વાહનો હતા. વાહનની અંદર એકનું મોત થયું હતું જે વિદેશી નાગરિક હતો. આ વ્યક્તિ ઈયુપીઓએલ માટે કામ કરી રહી હતી. તાલિબાન દ્વારા આ હુમલાની જવાબદારી સ્વીકારી લેવામાં આવી છે. ગયા મહિનામાં અફઘાનિસ્તાનમાં તાલિબાન દ્વારા અનેક હુમલાઓ કરવામાં આવ્યા હતા. તાલિબાનના પ્રવક્તાએ ટ્વિટર ઉપર હુમલાની જવાબદારી સ્વિકારતા કહ્યું હતું કે, કાબૂલ વિમાની મથકના ગેટ ઉપર આ હુમલો કરવામાં આવ્યો છે. વિદેશી ફોર્સને ટાર્ગેટ બનાવીને આ હુમલો કરાયો હતો. ગૃહમંત્રાલયના પ્રવક્તાનું કહેવું છે કે, આ હુમલામાં બે અફઘાન ટીનેજનું મોત થયું છે. ૧૮ લોકો ઘાયલ થયા છે જે પૈકી આઠ મહિલાઓ અને ત્રણ બાળકોનો સમાવેશ થાય છે. ત્રણ વિદેશી લોકો પણ હુમલામાં ઘાયલ થયા છે. અફઘાન સિવિલ ઓથોરિટીની ઓફિસ નજીક કાર બોંબ બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. એરપોર્ટ ટર્મિનલથી થોડાક મીટરના અંતરે સ્થિત ઓફિસ નજીક આ બ્લાસ્ટ થયો હતો. આ બ્લાસ્ટના પરિણામ સ્વરુપે આસપાસના આવાસ અને દુકાનોને નુકસાન થયું હતું. ટ્રાફિક જામની સ્થિતિ પણ સર્જાઈ ગઈ હતી. વિમાની મથકે પહેલાથી જ વાહનોની ઉંડી ચકાસણી કરવામાં આવી રહી હતી. બ્લાસ્ટમાં એક વિદેશી અને બે નાગરિક વાહનોને પણ નુકસાન થયું છે. તાલિબાને હાલમાં કાબૂલ ગેસ્ટ હાઉસમાં હુમલો કર્યો તો જેમાં નવ વિદેશી સહિત ૧૪ લોકોના મોત થયા હતા.

## સાત કંપનીઓની માર્કેટ મૂડીમાં ૩૪,૬૪૫ કરોડનો વધારો થયો

નવી દિલ્હી,તા.૧૭

છેલ્લા સપ્તાહના કારોબાર દરમિયાન સેન્સેક્સની ટોપ ટેન કંપનીઓ પૈકીની સાત કંપનીઓની માર્કેટ મુડીમાં ઉલ્લેખનીય વધારો થયો છે. સાત કંપનીઓની માર્કેટ મુડીમાં સંયુક્તરીતે ૩૪૬૪૫.૭૨ કરોડનો વધારો થયો છે. સૌથી વધારે ફાયદો એસબીઆઈને થયો છે. જ્યારે ત્રણ કંપનીઓની માર્કેટ મુડીમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. જેમાં ટીસીએસ, આરઆઈએલ અને આઈટીસીનો સમાવેશ થાય છે. નવેસરના આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે છેલ્લા સપ્તાહના કારોબાર દરમિયાન જે કંપનીઓની માર્કેટ મુડીમાં વધારો થયો છે તેમાં સીઆઈએલ, સન ફાર્મા, ઈન્ફોસીસ, એસબીઆઈ અને એચડીએફસીનો સમાવેશ થાય છે. ટીસીએસની માર્કેટ મુડીમાં ઘટાડો થયો છે. કારોબાર દરમિયાન એસબીઆઈની માર્કેટ મુડીમાં ૧૯૩૩૧.૬૬ કરોડનો વધારો થતા તેની માર્કેટ મુડી વદીને ૨૧૭૪૧૪.૯૮ કરોડ થઈ ગઈ છે. જે એચડીએફસીની માર્કેટ મુડી ૭૬૭૪.૫૧ કરોડ સુધી વધીને ૧૯૪૩૩૦.૫૧ કરોડ થઈ ગઈ છે. જ્યારે ઓએનજીસીની માર્કેટ મુડીમાં ૨૩૯૫.૫૩ કરોડનો વધારો થયો છે. જેથી તેની માર્કેટ મુડી ૨૭૨૪૪૯.૫૮ કરોડ થઈ ગઈ છે. એચડીએફસી બેંકની માર્કેટ મુડીમાં ૧૮૬૮.૩૪ કરોડનો વધારો થયો છે જેથી તેની માર્કેટ મુડી ૨૪૮૩૧૪.૩૯ કરોડ થઈ ગઈ છે. આવી જ રીતે સીઆઈએલની માર્કેટ મુડી વધીને હવે ૨૩૧૨૭૩.૬૮ કરોડ થઈ ગઈ ચે. સન ફાર્મા અને ઈન્ફોસીસની માર્કેટ મુડી ક્રમશ વધીને ૨૨૭૭૫૦.૨૮ કરોડ અને ૨૨૫૦૭૧.૮૭ કરોડ થઈ ગઈ છે. બીજી બાજુ આની બિલકુલ વિરુદ્ધમાં આરઆઈએલની માર્કેટ મુડી ૫૧૬૧.૫૮ કરોડ ઘટી ગઈ છે. જેથી તેની માર્કેટ મુડી હવે ૨૮૨૮૧૮.૭૧ કરોડ થઈ ગઈ છે. આવી જ રીતે ટીસીએસની માર્કેટ મુડી ૪૧૨૩.૧૨ કરોડ રૂપિયા ઘટીને ૪૯૧૫૭૨.૧૭ કરોડ રૂપિયા થઈ ગઈ છે. આઈટીસીની માર્કેટ મુડીમાં પણ ઘટાડો થયો છે. જેથી તેની માર્કેટ મુડી ઘટીને ૨૬૧૩૮૬.૦૯ કરોડ થઈ ગઈ છે. ટોપ ટેન રેન્કિંગની વાત કરવામાં આવે તો ટીસીએસ પ્રથમ ક્રમાંકે છે. ત્યારબાદ આરઆઈએલ બીજા ક્રમાંકે છે. છેલ્લા સપ્તાહ દરમિયાન સેન્સેન્કસમાં ૨૧૯ પોઈન્ટનો ઉછાળો રહ્યો હતો. જેથી તેની સપાટી ૨૭૩૨૪ રહી હતી. છેલ્લા બે સપ્તાહમાં સેન્સેક્સમાં ૩૧૩ પોઈન્ટનો ઉછાળો રહ્યો છે. ટીસીએસ માર્કેટ મુડીની દ્રષ્ટિએ હજુ પણ પ્રથમ સ્થાન પર અકબંધ છે.